## Directorate of Information

# Media Coverage Report

## Date : 23-03-2025



**આગામી IPL-2025 ડે/નાઈટ ક્રિકેટ મેચોને ધ્યાનમાં રાખીને અમદાવાદમાં મેટ્રો ટ્રેન સેવાઓનો સમય લંબાવવાનો નિર્ણય લીધો**

દિવ્ય ભાસ્કર

દિવ્ય ભાસ્કર અમદાવાદ 23-03-2025


### પેપર ટિકિટનો ચાર્જ રૂ.50 ચૂકવવો પડશે


# IPLની મેચો દરમિયાન મેટ્રો રાત્રે 12.30 સુધી મળી રહેશે

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

મોદી સ્ટેડિયમ ખાતે 25 અને 29 માર્ચ, 9 એપ્રિલ તેમજ 2 મે અને 14 મેએ આઈપીએલની મેચો માટે મેટ્રો રાત્રે 12.30 સુધી મળી રહેશે. મેટ્રો રેલ કોર્પોરેશને આ માટે પેપર ટિકિટનો ચાર્જ રૂ.50 નક્કી કર્યો છે. રાત્રે 10 વાગ્યા પછી મોટેરા અને સાબરમતી મેટ્રો સ્ટેશનમાં એન્ટ્રી માટે સ્પેશિયલ પેપર ટિકિટ જ માન્ય ગણવામાં આવશે. લોકો મેચના દિવસે નિરાંત ક્રોસ રોડ, એપેરલ પાર્ક, કાલુપુર, ઓલ્ડ હાઈકોર્ટ, થલતેજ, મોટેરા, સાબરમતી, રાણીપ, વાડજ અને જીવરાજ મેટ્રો સ્ટેશનો પરથી એડવાન્સમાં ખરીદી શકાશે. મેચના દિવસે મેટ્રો ટ્રેન દર 8 મિનિટે ઉપલબ્ધ રહેશે. જ્યારે રાત્રિના 10થી 12.30 વાગ્યા સુધી દર 6 મિનિટે ટ્રેન મળશે.

## બપોરે 2થી રાત્રે 2 સુધી સ્ટેડિયમ સુધીનો રોડ બંધ

આઈપીએલની મેચો દરમિયાન ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તે માટે શહેર પોલીસ કમિશનરે જાહેરનામું બહાર પાડ્યું છે. જે મુજબ બપોરે 2થી રાત્રિ 2 સુધી જનપથ ટીથી મોટેરા ગામ સુધીનો રોડ વાહનોની અવરજવર માટે બંધ રહેશે. તપોવન સર્કલથી ઓએનજીસી ચાર રસ્તાથી વિસત ટી, પાવર હાઉસ, પ્રબોધ રાવળ સર્કલ સુધીના રોડ પર અવરજવર કરી શકાશે.



ગુજરાત સમાચાર

## અમદાવાદમાં આઈપીએલની કુલ ૭ મેચ

# આઈપીએલ : મેટ્રો ટ્રેનને રાતે ૧૨:૩૦ સુધી દોડાવાશે

અમદાવાદ,શનિવાર


અમદાવાદ ખાતે ઈન્ડિયન પ્રીમિયર લીગ-૧૮ની કુલ ૭ મેચ યોજાવાની છે. આ મેચ દરમિયાન મેટ્રો ટ્રેનને મધ્યરાત્રિના ૧૨:૩૦ સુધી દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

## રાત્રિના ૧૦ બાદ મોટેરા સ્ટેડિયમ, સાબરમતી મેટ્રો સ્ટેશનથી પ્રવેશ માટે માત્ર પેપર ટિકિટ માન્ય

અમદાવાદમાં ૨૫ માર્ચ, ૨૯ માર્ચ, ૯ એપ્રિલ, ૨ મે, ૧૪ મે દરમિયાન સાંજે ૭:૩૦થી આઈપીએલની મેચનો પ્રારંભ થશે. આ મેચને પગલે ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા મેટ્રો ટ્રેન સેવાઓને સવારના ૬:૨૦થી મધ્યરાત્રિના ૧૨:૩૦ સુધી લંબાવાશે. અમદાવાદમાં મેટ્રો ટ્રેનની સમયમર્યાદા હાલ રાત્રિના ૧૦ સુધી જ છે. આઈપીએલની સાંજે ૭:૩૦ની મેચ દરમિયાન રાત્રિના ૧૦ થી મધ્યરાત્રિના ૧૨:૩૦ સુધીના લંબાયેલા સમય દરમિયાન માત્ર મોટેરા સ્ટેડિયમ મેટ્રો સ્ટેશન અને સાબરમતી મેટ્રો સ્ટેશન પરથી મેટ્રોમાં બેસી શકાશે. આઈપીએલની મેચ માટે સ્પેશિયલ પેપર ટિકિટ બહાર પાડવામાં આવેલી છે. સ્પેશિયલ પેપર ટિકિટનું ભાડું રૂપિયા ૫૦ રહેશે. રાત્રિના ૧૦ બાદ મોટેરા સ્ટેડિયમ અને સાબરમતી મેટ્રો સ્ટેશનમાં પ્રવેશ કરવા માટે માત્ર સ્પેશિયલ પેપર ટિકિટ માન્ય રહેશે.

### અમદાવાદમાં આઈપીએલની મેચ

| તારીખ | મેચ | સમય |
|---|---|---|
| ૨૫ માર્ચ | ગુજરાત વિ. પંજાબ | સાંજે ૭:૩૦ |
| ૨૯ માર્ચ | ગુજરાત વિ. મુંબઈ | સાંજે ૭:૩૦ |
| ૯ એપ્રિલ | ગુજરાત વિ. રાજસ્થાન | સાંજે ૭:૩૦ |
| ૧૯ એપ્રિલ | ગુજરાત વિ. દિલ્હી | બપોરે ૩:૩૦ |
| ૨ મે | ગુજરાત વિ. હૈદરાબાદ | સાંજે ૭:૩૦ |
| ૧૪ મે | ગુજરાત વિ. લખનઉ | સાંજે ૭:૩૦ |
| ૧૮ મે | ગુજરાત વિ. ચેન્નાઈ | બપોરે ૩:૩૦ |




સંદેશ

# મોટેરા સ્ટેડિયમમાં IPL મેચના દિવસે રાતના ૧૨:૩૦ સુધી મેટ્રો દોડાવાશે

| અમદાવાદ |

IPL ક્રિકેટ મેચને લઈને અમદાવાદ મેટ્રો દ્વારા અઢી કલાક વધુ એટલેકે રાતના ૧૨:૩૦ સુધી મેટ્રો દોડાવાશે. તા.૨૫ અને ૨૯ માર્ચ, તા.૯ એપ્રિલ, તા.૨ અને પાંચ મે ના રોજ નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમથી અમદાવાદના વાસણા અને વસ્ત્રાલ બંને કોરીડોર માટે દર ૬ મિનિટે ટ્રેન દોડાવાશે. રાતના ૧૦ થી ૧૨:૩૦ સુધીના લંબાવાયેલા સમય દરમિયાન માત્ર મોટેરા અને સાબરમતી મેટ્રો સ્ટેશનેથી જ મેટ્રોમાં બેસી શકાશે.

ક્રિકેટ મેચ દરમિયાન હજારોની સંખ્યામાં લોકો ઉમટી પડતા હોવાથી ટિકિટ બારી પર ભીડ ન જામે, ભાગદોડ ન મચી જાય, અવ્યવસ્થાનો માહોલ ન સર્જાય તે માટે મેટ્રો દ્વારા અગાઉથી જ રિટર્ન ટિકિટ માટે સ્પેશિયલ પેપર ટિકિટ બહાર પડાશે. આ ટિકિટ મેચના દિવસ દરમિયાન નિરાંત ક્રોસ રોડ, એપેરલ પાર્ક, કાલુપુર, ઓલ્ડ હાઈકોર્ટ, થલતેજ, મોટેરા, સાબરમતી, રાણીપ, વાડજ અને જીવરાજ મેટ્રો સ્ટેશનેથી અગાઉથી ખરીદી શકાશે. આ રિટર્ન પેપર ટિકિટનું વ્યક્તિદીઠ ભાડું ૫૦ રૂપિયા રખાયું છે. આ ટિકિટ ખરીદી મુસાફર મોટેરા અને સાબરમતી સ્ટેશનેથી બેસીને અમદાવાદના કોઈપણ મેટ્રો સ્ટેશને ઉતરી શકશે.



LET TRUTH PREVAIL

THE TIMES OF INDIA

# Metro to run till late on IPL days

TIMES NEWS NETWORK

**Ahmedabad**: The metro services in Ahmedabad city, from Motera stadium to APMC, and from Vastral Gam to Thaltej Gam, will be operational until 12.30am in view of the IPL matches, according to a senior metro services official.

"In view of the matches to be played at Narendra Modi Cricket Stadium on March 25, 29, April 9, May 2, and May 14, the metro operations will continue from 6.20am to 12.30am on these dates. However, the services to Gandhinagar will end at the routine timings at about 10pm," the official said.



To ensure convenient travel, GMRC has introduced special paper tickets for return journeys on IPL match days, said the official. A flat fare of Rs 50 per person for travel from Motera Stadium and Sabarmati stations to any operational Ahmedabad metro stations during extended hours will be issued.

The official said that regular fare options, including smart tokens, GMRC travel card, NCMC card, and QR tickets, can be used until 10pm only, and thereafter only special paper tickets will be accepted.

The special paper tickets will be available in advance at Nirant Crossroads, Apparel Park, Kalupur, Old High Court, Thaltej, Motera, Sabarmati, Ranip, Vadaj, and Jivraj metro stations. The officials said that the trains will run every 8 minutes throughout the day. During extended hours from 10pm, the frequency will increase to every 6 minutes from Motera and Sabarmati stations.

The Indian EXPRESS

# Ahmedabad to host seven IPL matches

## Road Closure

Ahmedabad Traffic Police has declared the route between Janpath T junction towards Krupa Residency and up to Motera T junction closed at certain times during the matches. According to the notification, issued Saturday, these areas will remain closed to traffic in the following durations:

- From 2 pm on March 25 to 2 am on March 26.
- From 2 pm on March 29 to 2 am on March 30.
- From 2 pm on April 9 to 2 am on April 10.
- From 11 am to 10 pm on April 19.
- From 2 pm on May 2 to 2 am on May 3.
- From 2 pm on May 14 to 2 am on May 15.
- From 11 am to 10 pm on May 18.

## Alternate Routes

- Travellers can head from Tapovan circle to ONGC crossroads, then on to Janpath T junction and then to Prabodh Raval circle.
- The other alternate route is for those heading from Krupa Residency.




The seven Indian Premier League matches will be played at the Narendra Modi stadium in Ahmedabad's Motera.

They can go towards Sharan Status crossroads to Bhat Koteshwar road and from there onwards to Apollo Circle.

## Extended Metro Timings

- The Gujarat Metro Rail Corporation (GMRC) said, "In view of upcoming IPL-2025 day/night cricket matches scheduled on March 25, March 29, April 9, May 2 and May 14… GMRC has decided to extend Metro train services timings in Ahmedabad from 10 pm to 12.30 am on the said dates."
- Normal timings of Metro services in Ahmedabad are from 6.20 am to 10 pm.
- According to the GMRC: "During the extended hours from 10 pm to 12.30 am, passengers can travel only from Motera Stadium Metro station and Sabarmati Metro station to any operational stations on both corridors of Ahmedabad (Motera Stadium to APMC and Vastral Gam to Thaltej Gam)."
- GMRC said it has introduced a special paper ticket to be used for the return journey on the day of IPL matches. The ticket will cost Rs 50 per person.
- Extended duration of the trains will not apply to Gandhinagar.



AhmedabadMirror

# Metro trains to run past midnight for IPL matches

## Extended metro services from 10 pm to 12.30 am from Motera Stadium and Sabarmati metro stations

Ahmedabad Mirror Bureau
feedback@ahmedabadmirror.com
Posts @ahmedabadmirror

With a view to providing cricket fans with ease of travelling during the IPL-2025 matches, the Gujarat Metro Rail Corporation (GMRC) has extended timings of the metro service for the day-night cricket matches at the Narendra Modi Cricket Stadium. The metro services, which are operational from 6.20 am to 10 pm, will be extended till 12:30 am on match days: March 25, March 29, April 9, May 2, and May 14.

The extended metro services be available only from the Motera Stadium Metro Station and the Sabarmati Metro Station to any operational station on both corridors: Motera Stadium to APMC and Vastral Gam to Thaltej Gam.



The GMRC has introduced a special paper ticket for the return journey on IPL match days. The fare for this ticket will be a flat rate of Rs 50 per person. During the extended hours from 10 pm to 12:30 am, metro trains will operate every 6 minutes between the Motera Stadium and Sabarmati Metro stations. The last metro train will depart at 12:30 am from the Motera Stadium Station.

### Traffic diverted

With seven IPL cricket matches scheduled to be played at Narendra Modi Stadium, the traffic police has issued a notification for closure and alternative routes for smooth traffic movement. Accordingly, the road from Janpath T junction to Motera Stadium main gate, Krupa Residency T junction to Motera Gam T junction is temporarily closed for vehicles. The alternate routes notified are Tapovan Circle to ONGC cross roads to Visat T joint to Power House Cross Roads to Probodh rawal circle. From Krupa Residency T joint to Sharan Status Cross Roads to Bhat Koteshwar towards Apollo Circle.

AhmedabadMirror Sun, 23 March 2025
https://epaper.ahmedabadmirror.com/c/77033407

પ્રકાશ ✕ પ્રગતિ ✕ પવિત્રતા

### નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતેની પાંચ આઈપીએલ મેચો દરમ્યાન

# મેટ્રો ટ્રેન સવારના ૬-૩૦થી રાત્રીના ૧૩-૩૦ વાગ્યા સુધી લંબાવવામાં આવી

અમદાવાદ,તા.૨૨ નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ ખાતે તા. ૨૫/૦૩/૨૦૨૫, ૨૯/૦૩/૨૦૨૫, ૦૯/૦૪/૨૦૨૫, ૦૨/૦૫/૨૦૨૫ અને ૧૪/૦૫/૨૦૨૫ ના રોજ યોજાનારી આગામી IPL-2025 ની ડે-નાઈટ ક્રિકેટ મેચોને ધ્યાનમાં રાખીને, GMRCએ અમદાવાદમાં મેટ્રો ટ્રેન સેવાઓને સવારના ૬:૨૦ વાગ્યાથી મધ્યરાત્રિના ૧૨:૩૦ વાગ્યા સુધી લંબાવવાનો નિર્ણય કર્યો છે.

અમદાવાદમાં મેટ્રો ટ્રેન સેવાઓની હાલની સમયમર્યાદા સવારે ૬:૨૦ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધી છે. રાત્રિના ૧૦ વાગ્યાથી મધ્યરાત્રિના ૧૨:૩૦ વાગ્યા સુધીના લંબાયેલ સમય દરમ્યાન માત્ર મોટેરા સ્ટેડિયમ મેટ્રો સ્ટેશન અને સાબરમતી મેટ્રો સ્ટેશન પરથી મેટ્રોમાં બેસી શકાશે અને ત્યાંથી અમદાવાદ મેટ્રોની બંને કોરિડોર (મોટેરાથી એપીએમસી અને થલતેજ ગામથી વસ્ત્રાલ ગામ) ના કોઈ પણ કાર્યરત મેટ્રો સ્ટેશન પર જઈ શકાશે.

આ ઉપરાંત, જીએમઆરસીએ મેટ્રોના મુસાફરોને મુશ્કેલી ના પડે તે માટે IPL મેચોના દિવસોમા મોટેરા સ્ટેડિયમથી રાત્રે પરત ફરવા, સ્પેશ્યલ પેપર ટિકિટ બહાર પાડેલ છે.

સ્પેશ્યલ પેપર ટિકિટનું ભાડું પ્રતિ વ્યક્તિ દીઠ ? ૫૦ રહેશે, જેનો ઉપયોગ લંબાવેલ સમય



દરમિયાન મોટેરા સ્ટેડિયમ અને સાબરમતી મેટ્રો સ્ટેશનથી અમદાવાદ મેટ્રોની બંને લાઈન


**રાત્રીના ૧૦ વાગ્યા પછી સ્ટેડિયમ અને સાબરમતી મેટ્રો સ્ટેશનમાં પ્રવેશ કરવા માત્ર સ્પે. પેપર ટિકિટ માન્ય**

પરના કોઈપણ કાર્યરત મેટ્રો સ્ટેશન સુધી મુસાફરી માટે થઈ શકશે.

સ્પેશિયલ પેપર ટિકિટ ઉપરાંત કોન્ટેક્ટલેસ સ્માર્ટ ટોકન્સ, કોન્ટેક્ટલેસ સ્માર્ટ કાર્ડ (GMRC ટ્રાવેલ કાર્ડ અને NCMC કાર્ડ), QR ડિજિટલ ટિકિટ અને QR પેપર ટિકિટ સાથેની એન્ટ્રી પણ રાબેતા મુજબ રાત્રે ૧૦:૦૦ વાગ્યા સુધી નિયમિત ભાડા પર ઉપલબ્ધ રહેશે. કિઓસ્ક, ટોકન વેન્ડિંગ મશીન, ટિકિટ કાઉન્ટર, મોબાઈલ એપ થી અગાઉથી ખરીદેલી ટિકિટ (QR/TOKEN) રાત્રિ ના ૧૦:૦૦ વાગ્યા પછી માન્ય રહેશે નહીં.

રાત્રિના ૧૦:૦૦ વાગ્યા પછી મોટેરા સ્ટેડિયમ અને સાબરમતી મેટ્રો સ્ટેશન માં પ્રવેશ કરવા માટે માત્ર સ્પેશ્યલ પેપર ટિકિટ માન્ય રહેશે.

મોટેરા સ્ટેડિયમથી ગાંધીનગર વચ્ચે મેટ્રો ટ્રેન સેવાઓ રાબેતા મુજબ જ રહેશે.



લોકસત્તા જનસત્તા

# આઈપીએલ ડે-નાઇટ મેચ દરમિયાન રાત્રે ૧૨:૩૦ વાગ્યા સુધી મેટ્રો મળશે

## સ્પેશિયલ પેપર ટિકિટ દ્વારા મુસાફરી કરી શકાશે

અમદાવાદ તા.૨૨


નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ ખાતે ૨૫ માર્ચ. ૨૯ માર્ચ, ૯ એપ્રિલ, ૨ મે અને ૧૪ મેના રાજ રોજ યોજાનારી આગામી IPL-૨૦૨૫ ની ડે-નાઈટ ક્રિકેટ મેચોને ધ્યાનમાં રાખીને, GMRCએ અમદાવાદમાં મેટ્રો ટ્રેન સેવાઓને સવારના ૬:૨૦ વાગ્યાથી મધ્યરાત્રિના ૧૨:૩૦ વાગ્યા સુધી લંબાવવાનો નિર્ણય કર્યો છે.

અમદાવાદમાં મેટ્રો ટ્રેન સેવાઓની સમયમર્યાદા સવારે ૬:૨૦ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધી છે. રાત્રિના ૧૦ વાગ્યાથી મધ્યરાત્રિના ૧૨:૩૦ વાગ્યા સુધીના લંબાયેલ સમય દરમ્યાન માત્ર મોટેરા સ્ટેડિયમ મેટ્રો સ્ટેશન અને સાબરમતી મેટ્રો સ્ટેશન પરથી મેટ્રોમાં બેસી શકાશે અને ત્યાંથી અમદાવાદ મેટ્રોની બંને કોરિડોર (મોટેરાથી એપીએમસી અને થલતેજ ગામથી વસ્ત્રાલ ગામ) ના કોઈ પણ કાર્યરત મેટ્રો સ્ટેશન પર જઈ શકાશે.ઉપરાંત જીએમઆર સીએ મેટ્રોના મુસાફરોને મુશ્કેલી ના પડે તે માટે ઉપર દર્શાવેલ IPL મેચોના દિવસોમાં મોટેરા સ્ટેડિયમથી રાત્રે પરત ફરવા, સ્પેશ્યલ પેપર ટિકિટ બહાર પાડેલ છે.



**સ્પેશિયલ પેપર ટિકિટની વિશેષતાઓ**

1. સ્પેશ્યલ પેપર ટિકિટનું ભાડું પ્રતિ વ્યક્તિ દીઠ ૫૦ રહેશે, જેનો ઉપયોગ લંબાવેલ સમય દરમિયાન મોટેરા સ્ટેડિયમ અને સાબરમતી મેટ્રો સ્ટેશનથી અમદાવાદ મેટ્રોની બંને લાઇન પરના કોઈપણ કાર્યરત મેટ્રો સ્ટેશન સુધી મુસાફરી માટે થઈ શકશે.
2. સ્પેશિયલ પેપર ટિકિટ ઉપરાંત કોન્ટેક્ટલેસ સ્માર્ટ ટોકન્સ, કોન્ટેક્ટલેસ સ્માર્ટ કાર્ડ (પ્રઈઝ ટ્રાવેલ કાર્ડ અને દ્વઝસ્ઝ કાર્ડ), ઊઇ ડિજિટલ ટિકિટ અને ઊઇ પેપર ટિકિટ સાથેની એન્ટ્રી પણ રાબેતા મુજબ રાત્રે ૧૦:૦૦ વાગ્યા સુધી નિયમિત ભાડા પર ઉપલબ્ધ રહેશે. કિઓસ્ક, ટોકન વેન્ડિંગ મશીન, ટિકિટ કાઉન્ટર, મોબાઈલ એપ થી અગાઉથી ખરીદેલી ટિકિટ (QR/TOKEN) રાત્રિના ૧૦:૦૦ વાગ્યા પછી માન્ય રહેશે નહીં.
3. રાત્રિના ૧૦:૦૦ વાગ્યા પછી મોટેરા સ્ટેડિયમ અને સાબરમતી મેટ્રો સ્ટેશનમાં પ્રવેશ કરવા માટે માત્ર સ્પેશ્યલ પેપર ટિકિટ માન્ય રહેશે.
4. સ્પેશ્યલ પેપર ટિકિટ મેચના દિવસ દરમ્યાન નિરાંત ક્રોસ રોડ, એપેરલ પાર્ક, કાલુપુર, ઓલ્ડ હાઈકોર્ટ, થલતેજ, મોટેરા, સાબરમતી, રાણીપ, વાડજ અને જીવરાજ મેટ્રો સ્ટેશનો પરથી અગાઉથી ખરીદી શકાશે, જેથી પરત ફરતી વખતે મોટેરા સ્ટેડિયમ મેટ્રો સ્ટેશન ખાતે ટિકિટ માટે લાઈનમાં ઉભા રહેવાનું ટાળી શકાય.
5. જાહેર જનતાને નોંધ લેવા નમ્ર વિનંતી છે કે મોટેરા સ્ટેડિયમથી ગાંધીનગર વચ્ચે મેટ્રો ટ્રેન સેવાઓ રાબેતા મુજબ જ રહેશે.
6. ઉપર જણાવેલ તારીખો દરમ્યાન અમદાવાદમાં મેટ્રો ટ્રેન દર ૮ મિનિટે ઉપલબ્ધ રહેશે. રાત્રિના ૧૦ વાગ્યાથી મધ્યરાત્રિના ૧૨:૩૦ વાગ્યા સુધીના લંબાયેલ સમય દરમ્યાન માત્ર મોટેરા સ્ટેડિયમ મેટ્રો સ્ટેશન અને સાબરમતી મેટ્રો સ્ટેશન પરથી દર ૬ મિનિટે મેટ્રો ટ્રેન ઉપલબ્ધ રહેશે.
7. મોટેરા મેટ્રો સ્ટેશનથી છેલ્લી ટ્રેનનો ઉપડવાનો સમય મધ્યરાત્રિના ૧૨:૩૦ વાગ્યાનો રહેશે



गुजरात वैभव

# नरेन्द्र मोदी स्टेडियम में होने वाली आईपीएल मैचों के लिए अहमदाबाद मेट्रो देर रात तक चलेगी

**अहमदाबाद ।** नरेंद्र मोदी क्रिकेट स्टेडियम में आईपीएल 2025 के होने वाले डे-नाइट मैचों में दर्शकों की सुविधा के लिए 25, 29 मार्च, 9 अप्रैल और 2 तथा 14 मई को होने वाले डे-नाइट मैचों को देखने वाले दर्शकों के लिए मेट्रो ट्रेन की सुविधा रात 10:00 बजे से 12:30 बजे तक विस्तारित की गई है। अहमदाबाद में मेट्रो ट्रेन सेवाओं का वर्तमान समय सुबह 6:20 बजे से रात 10 बजे तक है। रात 10:00 बजे से 12:30 बजे तक विस्तारित घंटों के दौरान, कोई व्यक्ति केवल मोटेरा स्टेडियम मेट्रो स्टेशन और साबरमती मेट्रो स्टेशन से और वहां से अहमदाबाद मेट्रो के दोनों कॉरिडोर (मोटेरा से एपीएमसी और थलतेज गांव से वस्त्राल गांव) पर किसी भी कामकाजी मेट्रो स्टेशन तक मेट्रो में चढ़ सकता है। इसके अलावा, जीएमआर ने मेट्रो यात्रियों को असुविधा से बचाने के लिए उपरोक्त आईपीएल मैच के दिनों में मोटेरा स्टेडियम से रात की वापसी के लिए विशेष पेपर टिकट जारी किए हैं। विशेष पेपर टिकटों की विशेषताएं इस प्रकार हैं।विशेष पेपर टिकट की कीमत प्रति व्यक्ति रु 50 होगी, जिसका उपयोग विस्तारित अवधि के दौरान मोटेरा स्टेडियम और साबरमती मेट्रो स्टेशन से अहमदाबाद मेट्रो की दोनों लाइनों पर किसी भी कामकाजी मेट्रो स्टेशन तक यात्रा के लिए किया जा सकता है।

विशेष पेपर टिकटों के अलावा, संपर्क रहित स्मार्ट टोकन, संपर्क रहित स्मार्ट कार्ड (जीएमआरसी ट्रैवल कार्ड और एनसीएमसी कार्ड), क्यूआर डिजिटल टिकट और क्यूआर पेपर टिकट के साथ प्रवेश भी हमेशा की तरह रात 10:00 बजे तक नियमित किराए पर उपलब्ध होगा। कियोस्क, टोकन वेंडिंग मशीन, टिकट काउंटर, मोबाइल ऐप से पहले से खरीदे गए टिकट (क्यूआर/टोकन) रात 10:00 बजे के बाद मान्य नहीं होंगे। रात 10 बजे के बाद मोटेरा स्टेडियम और साबरमती मेट्रो स्टेशन में प्रवेश के लिए केवल विशेष कागजी टिकट ही मान्य होंगे।

